જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૭/૧૦/૨૦૧૬ ગુરૂવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૯૬૯/૧૬

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૦ કેસ કરી, ૩૨ વ્યક્તિઓને ઝડપી ૨૦૨ લીટર દેશી દારૂ, ૧૪ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૦૭ ક્વાર્ટર ઇગ્લીશ દારૂ, ૧ સ્કુટર અને ૧ ઓટો રીક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૧૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૦,૯૭૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૯૭૦/૧૬

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૭૪ વ્યક્તિઓની તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

## બળાત્કારની ફરીયાદ :- સમાચાર યાદી નં.૧૯૭૧/૧૬

**રાણીપઃ** રાણીપ વિસ્તારમાં રહેતી ૧૮ વર્ષની મહીલાએ તા.૨૬/૧૦/૧૬ નારોજ રાણીપ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે આજથી આશરે બે વર્ષ અગાઉ ઘર નજીક રહેતા આરોપી દિનેશ શંકર બાવરીએ મહીલાને લગ્ન કરવાની લાલચ આપી, લલચાવી ફોસલાવી અવાર-નવાર મહિલાના ઘરે જઈ તેમજ આરોપીના ઘરે લઈ જઈ મહિલાની મરજી વિરૂધ્ધ મહિલા સાથે શરીર સંબંધ બાંધ્યો હતો. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી વી બી પટેલ ચલાવે છે.

કૃષ્ણનગર : કૃષ્ણનગર વિસ્તારમાં રહેતી પરણીત મહીલાએ તા.૨૬/૧૦/૧૬ નારોજ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૦/૮/૧૬ સવારનાં ૯/૧૫ વાગ્યાનાં સુમારે આરોપી રમેશ ઉર્ફે રામો હીરાભાઇ નીનોમા (રહે,નવા તળાવ ચાડોલી ફલા, જીલ્લોઃ ડુંગરપુર રાજસ્થાન) એ મહીલાને દહેગામ મજુરી કામે જવાનું કહી, જીપમા બેસાડી મહુડવા ગામ ખાતે રહેતી રમેશની બહેનનાં ઘરે લઈ જઈ ૨૦ થી ૨૫ દિવસ રાખી, મહિલાને ધમકી આપી, મહિલાની મરજી વિરૂધ્ધ બળજબરીથી તેની સાથે શારીરીક સબંધ બાંધ્યો હતો. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એચ.આર.વાઘેલા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>ઘરફોડઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૯૭૨/૧૬</u>**

**ગુજરાત યુનિવર્સિટીઃ** આશીષ રીખવચંદ શાહ (રહે. આરાધના રેસીડેન્સી શિવમ ફાસ્ટ ફૂડની સામે સરદાર પટેલ કોલોની રોડ નારણપુરા) એ તા.૨૬/૧૦/૧૬ નારોજ ગુજરાત યુનિવર્સિટી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩/૯/૧૬ રાતના ૮/૦૦ થી તા.૬/૯/૧૬ કલાક ૧૦/૧૫ વાગ્યા દરમ્યાન નવરંગપુરા વિજય ચારરસ્તા પાસે યશપાલ એપાર્ટમેન્ટ ખાતે બી/૧૦ ના ગોડાઉનની લોખંડની જાળીનો નકૂચો તોડી અજાણી વ્યક્તિ ગોડાઉનમાંથી કોપરના વાયરના બંડલ નંગ-૫૦ કિમત રૂપિયા ૯૯,૯૨૧/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ શ્રી જે.આર.ભાચકન ચલાવે છે.

**<u>પોલીસની ખોટી ઓળખ આપી છેતરપીંડીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૯૭૩/૧૬</u>**

**મણીનગરઃ** કલ્પનાબહેન વા/ઓ અરવિંદભાઈ શાહ (ઉ.વ.૬૭) (રહે. સરોવર એનેક્ષી ફ્લેટ, રામલાલ નગર સોસાયટી, મણીનગર) તા.૨૫/૧૦/૧૬ કલાક ૧૧/૧૫ વાગ્યાના સુમારે કાંકરીયા ઈદગાહ મસ્જીદ નજીકથી ચાલતા પસાર થઈ રહ્યા હતા ત્યારે મોટર સાયકલ ઉપર આવેલ બે અજાણ્યા પુરૂષો કલ્પનાબહેન પાસે આવી પોલીસની ઓળખ આપી કલ્પનાબહેનને પહેરેલ બન્ને હાથની સોનાની બંગડી નંગ-૪ કિમત રૂપિયા ૮૦,૦૦૦/- મતા લઈ જતા પલાયન થઈ જતા કલ્પનાબહેન પોતે છેતરાયા હોવાનુ માલુમ પડ્યુ હતુ. આ અંગેની ફરીયાદ કલ્પનાબહેન શાહે મણીનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એન.જી.ચૌધરી ચલાવે છે.

**<u>સોનાનુ મંગળસુત્ર ખેંચી તોડી લઇ ગયા :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૯૭૪/૧૬</u>**

**નિકોલઃ** કવિતાબહેન યક્ષેશકુમાર પંચાલ (રહે. અંકુર વી.આઇ.પી ઇન્ટર્નેશનલ સ્કુલની પાછળ ન્યુ ઇન્ડિયા કોલોની નિકોલ) તા.૨૫/૧૦/૧૬ રાતના ૮/૧૫ વાગ્યાના સુમારે રસપાન આર્કેટ, આઇસ્ક્રિમની દુકાનની આગળથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ કવિતાબહેનના ગળામાંથી સોનાનુ મંગળસુત્ર કિંમત રૂપિયા ૩૦,૦૦૦/- ખેંચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ કવિતાબહેન પંચાલે નિકોલ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.જી.ખાંટ ચલાવે છે.

**કાગડાપીઠઃ** રશમીબહેન વા\ઓ ગજાનંદ ભારંબે (ઉ.વ.૩૬) (રહે. ધમંયુગ કોલોની વેદમંદિર પાસે કાંકરીયા) તા.૨૦/૧૦/૧૬ સાંજના ૭/૧૫ વાગ્યાના સુમારે કાંકરીયા રેલ્વે યાર્ડ નજીકથી ચાલતા પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ રશમીબહેનના ગળામાંથી સોનાનુ મંગળસુત્ર કિમત રૂપિયા ૨૫,૦૦૦/- ખેચી તોડી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ રશમીબહેન ભારંબેએ તા.૨૬/૧૦/૧૬ નારોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.કે.ડાભી ચલાવી છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**દાઝી જતાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૯૭૫/૧૬**

**મેઘાણીનગરઃ** આરતીબહેન વા/ઓ વ્રજપાલસિહ નિશાન (રહે. કિસ્મતનગર ભાર્ગવ રોડ મેઘાણીનગર) તા.૧૭/૧૦/૧૬ કલાક ૦૦/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પ્રાઇમસ પર જમવાનુ બનાવતી વખતે અચાનક પ્રાઇમસ ફાટતા શરીરે દાજી ગયા હતા. સારવાર માટે તેમને સીવીલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન આરતીબહેનનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ વુ..હે.કો. અનુબહેન પરબતસિહ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૯૭૬/૧૬**

**મેઘાણીનગરઃ** આકાશભાઇ જીવણભાઇ પટણી (રહે.નર્મદાબેનની ચાલી, હિમગીરી સ્કુલની પાસે, ચંદનનગરની બાજુમાં, ચમનપુરા, મેઘાણીનગર) એ માનસીક બીમારીના કારણે તા.૨૫/૧૦/૧૬ નાં કલાક ૭/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મસઇ.શ્રી દીલીપસિહ ખમસિહ ચલાવે છે

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)